પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૫૮, કુલ પાના:૪, તારીખ: ૨૫-૦૬-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 258 PRICE :-RS. 1.50 DATE : 25-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોર્ટે ૧૦ દિવસમાં ઈન્ટરનલ એસેસમેન્ટ સ્કીમ તૈયાર કરવા કહ્યું

# તમામ રાજ્યો ૩૧ જુલાઈ સુધી ધો. ૧૨નું પરિણામ જાહેર કરે: સુપ્રિમ



ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં ગુરૂવારના રાજ્ય બોર્ડોની ૧૨માં ધોરણની પરીક્ષા રદ્દ કરવાવાળી અરજી પર સુનાવણી થઈ. આ દરમિયાન કોર્ટે તમામ રાજ્ય શિક્ષણ બોર્ડોને નિર્દેશ આપ્યા કે તેઓ ૩૧ જુલાઈ સુધી ૧૨માં ધોરણનું રિઝલ્ટ જાહેર કરે. સાથે જ કોર્ટે તેમને ૧૦ દિવસમાં ઈન્ટરનલ એસેસમેન્ટ સ્કીમ તૈયાર કરવા માટે કહ્યું છે. આ પહેલા કોર્ટે સમગ્ર ભારતમાં તમામ રાજ્યોના બોર્ડ માટે એસેસમેન્ટની એક જેવી સ્કીમ બનાવવા સંબંધમાં આદેશ પસાર કરવાનો ઈનકાર કરી દીધો.

કોર્ટે કહ્યું કે, રાજ્ય અને તેમના બોર્ડ પોતાની નીતિ બનાવવા સ્વતંત્ર અને સ્વાયત્ત છે. આ કારણે તેમના અધિકાર ક્ષેત્રમાં દખલ નહીં આપે. સુપ્રીમ કોર્ટમાં એડવોકેટ અનુભા સહાય શ્રીવાસ્તવે અરજી કરીને માંગ કરી હતી કે રાજ્ય બોર્ડોની ૧૨માં ધોરણની પરીક્ષા પર રોક લગાવવામાં આવે. અરજી લાંબા સમયથી પેન્ડિંગ હતી. આ દરમિયાન અનેક રાજ્યોએ પરીક્ષાઓ રદ્દ કરવાનો નિર્ણય કર્યો. ૬ રાજ્યોમાં ૧૨માંની પરીક્ષા પહેલા જ થઈ ચુકી છે.

ગત અઠવાડિયે સીબીએસઇ બોર્ડના ૧૨માં ધોરણના રિઝલ્ટને તૈયાર કરવાને લઈને બનેલી ૧૩ સભ્યોની કમિટીએ પણ સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. આમાં બૉર્ડે રિઝલ્ટ જાહેર કરવાના ફોર્મ્યુલા વિશે જણાવ્યું હતુ. બૉર્ડના ડ્રાફ્ટ પ્રમાણે ૧૦માં, ૧૧માં અને ૧૨માંના પ્રી-બોર્ડના પરિણામને ફાઈનલ રિઝલ્ટનો આધાર બનાવવામાં આવશે. બોર્ડે ૩૧ જુલાઈના રિઝલ્ટ જાહેર કરવાની વાત કહી હતી. કોર્ટે બૉર્ડના ડ્રાફ્ટને મંજૂરી પણ આપી હતી.

તો આ તરફ આંધ્રપ્રદેશ સરકારના ૧૨મા ધોરણની પરીક્ષા અસ્થાયી રીતે જુલાઈમાં યોજવાના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, રાજ્ય પાસે એક નિર્ણય અને યોગ્ય યોજના હોવી જોઈએ. તેઓ વિદ્યાર્થીઓના જીવન સાથે છેડછાડ કરી શકે છે? કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે સીબીએસઈના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરી દીધી છે. દિલ્હી સરકારના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે ધોરણ ૧૨ની પરીક્ષા રદ કરવા માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી.

## ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાઈ: નીતિન પટેલ-પ્રદિપસિંહ જાડેજા હાજર રહ્યા



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં પ્રતિવર્ષ યોજાતી જગવિખ્યાત રથયાત્રા પૂર્વે આજે સાબરમતી નદીના તટે સપ્ત નદીના સંગમ સ્થાને થી ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાઈ હતી.આ જળયાત્રામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા સાબરમતી નદીમાંથી લવાયેલ ૧૦૮ કળશથી સોડષોપચાર પૂજન વિધિ કરીને ભગવાન જગન્નાથજીને જળાભિષેકમા સહભાગી થયા હતા. રથયાત્રા પૂર્વે યોજાતી જળયાત્રા નાગરિકોની આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે ત્યારે કોરોનાકાળ વચ્ચે કોરોનાના તમામ દિશાનિર્દેશોનું પાલન કરીને જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સ્થિત ભગવાન જગન્નાથજીનું મંદિર ધાર્મિક આસ્થા અને ભક્તોની લાગણીઓની સાથે સાથે આજે નાગરિકોની સેવા માટેનું કેન્દ્રબિંદુ બન્યું છે. જગન્નાથ મંદિરના પ્રાંગણમાં નાગરિકો માટે નિઃશૂલ્ક કોરોના રસીકરણ અને પોલીસ જવાનો માટે ટેલીમેડિસીનની સેવા શરૂ કરાઈ હતી જેના થકી જગન્નાથ મંદિરમાં સેવાનું ત્રિ-સંગમ જોવા મળ્યું. જળયાત્રા બાદ ભગવાન જગન્નાથને જળાભિષેક કરી મંદિરના પ્રાંગણમાં થઈ રહેલ કોરોના રસીકરણની કામગીરી અને ટેલીમેડિસીન સેવાનો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ તાગ મેળવ્યો હતો.

મીડિયા સાથેના સંવાદમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું કે, છેલ્લા અનેક વર્ષોથી ગુજરાતમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા એ અમદાવાદ કે ગુજરાત જ નહી પરંતુ દેશ આખા માટે આસ્થાનું પ્રતિક છે ત્યારે શાંતિ-સલામતિ-સુરક્ષામય વાતાવરણમાં રથયાત્રા સંપન્ન થાય એ રાજ્ય સરકારની અગ્રીમતા છે. કોમી એખલાસ અને શાંતિપૂર્ણ ધાર્મિક વાતાવરણમાં સદભાવથી આ રથયાત્રા સંપન્ન થાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. ગુજરાત જ નહી પરંતુ દેશ આખાની આસ્થા કેંદ્ર સમી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે લોકોત્સવ બન્યો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી એ ભારપૂર્વક કહ્યું કે, આ વર્ષે કોરોનાની તમામ ગાઈડલાઈનનું પાલન કરીને કોરોનાની સ્થિતનો તાગ મેળવી જનસુરક્ષાને ધ્યાનમાં રાખીને જ રથયાત્રાના આયોજનનો નિર્ણય હાથ ધરવામાં આવશે. આજે યોજાયેલ રથયાત્રા પૂર્વેની જળયાત્રામાં સંતો, મહંતો, સમાજ અને શહેરના અગ્રણીઓ ભારે ઉત્સાહભેર જોડાયા હતા.

## વડોદરામાં ૧૨ કરોડના ડ્રગ્સ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ફરાર ડ્રગ્સ માફિયાની ધરપકડ કરી



વડોદરા,

૧૦ વર્ષ પહેલાં વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ પાછળથી જાપ્તાની પોલીસને ચકમો આપીને વિદેશ ફરાર થઇ ગયેલા ડ્રગ્સ માફિયાની વડોદરા ક્રાઈમ બ્રાંચની ટીમ હોંગકોંગથી કબજો મેળવીને વડોદરા પરત હતી. SOGએ ડ્રગ્સ માફિયાનો કબજો મેળવીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ક્ષી જીગ ફેન્ગ ઉર્ફે રીચાર્ડને અમદાવાદ NCB દ્વારા નાર્કોટિક્સના ગુનામાં ૨૨ નવેમ્બર-૨૦૦૮ના રોજ વડોદરાના માણેજા પાસેથી ૧૨ કરોડ રૂપિયાની કિંમતના મેથામ્ફેટામાઈન નામના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. તેની સાથે તેના બીજા બે સાગરીતો ગુનાશેખરણ પિલ્લાઈ તથા રવિંદ્ર કરપ્યાનાઓની પણ ધરપકડ કરી હતી. બન્ને સાગરીતો વિરૂદ્ધ અમદાવાદ NCBએ કરેલો કેસ કોર્ટમાં ચાલી જતા તેઓને આજીવન કેદની સજા કરવામાં આવી હતી. હાલ તેઓ સાબરમતી જેલ અમદાવાદમાં છે. જ્યારે આરોપી ક્ષી જીંગ ફેન્ગ ઉર્ફે રીચાર્ડને વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ રાખવામાં આવ્યો હતો. જ્યાં તે અલગ-અલગ આરોપીઓના સંપર્કમાં આવ્યો હતો અને તેમની મદદથી કાવતરૂ રચ્યુ હતું અને ૨૮ એપ્રિલ-૨૦૧૧ના રોજ સયાજી હોસ્પિટલમાં પોલીસ જાપ્તા હેઠળ સારવાર અર્થે લઈ જતાં હોસ્પિટલના પાછળના ગેટ પાસેથી તેના સાગરીતો સાથે જાપ્તાના માણસોને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. જે બાબતે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો.

## હું આપમાં જોડાવાનો નથી, આ ભાજપનું કાવતરું છે: હાર્દિક પટેલ



અમદાવાદ,

કોંગ્રેસના કાર્યકાહી અધ્યક્ષ હાર્દિક પટેલના આપ અને ભાજપ અંગેના એક નિવેદનથી ગુજરાતની રાજકારણ ફરી ગરમાયુ છે. હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવી ચર્ચા ઉઠી છે. ત્યારે આ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા હાર્દિકે પટેલે કહ્યું કે, ભાજપ આમ આદમી પાર્ટીને સપોર્ટ કરે છે અને હુ આપમાં જોડાવાનો નથી અને આ તમામ ઉપજાવી કાઢવામાં આવેલી વાત છે. સાથે જ હાર્દિક પટેલે આમ આદમી પાર્ટીને ભાજપની બી ટીમ ગણાવી છે.

હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાવા છે એ અંગે હાર્દિક પટેલે જવાબ આપ્યો કે, ભાજપ પોતાની મનમરજીથી પ્લાન કરીને ગુજરાતની જનતાને ગુમરાહ કરી રહી છે. ગુજરાતમાં એકમાત્ર કોંગ્રેસ પાર્ટી જ ભાજપને હરાવવા સક્ષમ છે. તેથી ભાજપ આમ આદમી પાર્ટીને આર્થિક અને સામાજિક રીતે પીઠબળ પૂરુ પાડે છે. ગુજરાતમાં આગામી દિવસોમાં કોંગ્રેસ સારુ પ્રદર્શન કરીને સત્તા મેળવશે.

## મૂડીઝ બાદ S&Pએ ભારતના વૃદ્ધિ દરનું અનુમાન ઘટાડી ૯.૫ ટકા કર્યું



ન્યુ દિલ્હી,

એસએન્ડપી ગ્લોબ્લ રેટિંગ્સે ગુરુવારે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતની વૃદ્ધિનું અનુમાન ૧૧ ટકાથી ઘટાડીને ૯.૫ ટકા કરી દીધું છે. અને ચેતવણી આપી છે કે કોરોના સાથે જોડાયેલ જોખમ આગળ પણ જોવા મળશે. એજન્સીએ વૃદ્ધિનું અનુમાન એમ કહેતાં ઘટાડ્યું કે એપ્રિલ-મે મહિનામાં કોરોનાની બીજી લહેરને કારણે રાજ્યો દ્વારા લોકડાઉન લગાવાતા આર્થિક ગતિવિધિઓમાં ઘટાડો થયો હતો.

એસએન્ડપીએ કહ્યું કે, અમે માર્ચમાં જાહેર ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિ માટે ૧૧ ટકાનું પૂર્વાનુમાન ઘટાડીને ૯.૫ ટકા કરી દીધું છે. એજન્સીએ કહ્યું કે પ્રાઈવેટ અને પબ્લિક સેક્ટરની બેલેન્સ શીટને થયેલ નુકસાનથી આગામી અમુક વર્ષો દરમિયાન વૃદ્ધિમાં અડચણ આવશે અને ૩૧ માર્ચ ૨૦૨૩ સમાપ્ત થતા આગામી નાણાકીય વર્ષમાં ભારતની વૃદ્ધિ દર ૭.૮ ટકા રહી શકે છે.

એસએન્ડપીએ કહ્યું કે મહામારીને લઈ આગળ પણ જોખમ બનેલું છે કેમ કે અત્યાર સુધી લગભગ ૧૫ ટકા આબાદીને ઓછામાં ઓછો વેક્સિનનો એક ડોઝ મળ્યો છે. જો કે વેક્સિનની આપૂર્તિમાં તેજી આવવાની સંભાવના છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થામાં ૭.૩ ટકાનો ઘટાડો આવ્યો હતો અને આ પહેલા ૨૦૧૯-૨૦માં દેશે ચાર ટકાની વૃદ્ધિ હાંસલ કરી હતી.

આ અગાઉ ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે ભારતના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ ઘટાડીને ૯.૬ ટકા કર્યો છે. મૂડીઝે કોરોનાના કારણે અર્થતંત્ર પર વિપરીત અસર થવાના મત સાથે અગાઉના ૧૩.૯%ના અંદાજમાં તીવ્ર ઘટાડો કર્યો છે. જો કે કોરોનાના કારણે અર્થતંત્રની સ્થિતિ બગડી છે તેની વચ્ચે મૂડીઝે આશા વ્યક્ત કરી છે કે જૂન ક્વાર્ટર બાદ અર્થતંત્રની સ્થિતિમાં સુધારો આવશે અને દેશની આર્થિક કામકાજમાં વધારો થશે. મૂડીઝે જણાવ્યું હતું કે વેક્સિનેશનમાં ઝડપના કારણે જૂન ક્વાર્ટરમાં આર્થિક પ્રતિબંધો સિમિત રહેશે. મૂડીઝે માઈક્રોઈકોનોમિક્સ ઈન્ડિયા : કોવિડના બીજા વેવના આર્થિક ફટકા પાછલા વર્ષની માફક ગંભીર નહી હોય તે નામના લેટેસ્ટ રિપોર્ટમાં જણાવ્યું છે કે હાઈ ફ્રિક્વન્સી ઈકોનોમિક ઈન્ડિકેટર્સ દર્શાવે છે કે કોવિડના બીજા વેવે એપ્રિલ અને મે મહિના દરમિયાન ભારતીય અર્થતંત્ર પર અસર કરી છે. પરંતુ ધીરેધીરે રાજ્યોમાં પ્રતિબંધમાં ઢીલ આપવાના કારણે તેમાં સુધારો આવવાની આશા છે. મૂડીઝે ભારતને નેગેટિવ આઉટલૂક સાથે Baa3 રેટિંગ આપ્યું છે.

## ખેડૂતો આક્રમક: ટ્રેક્ટર યાત્રા કાઢવાની જાહેરાત, ૨૫ જૂને ગાઝીપુર પહોંચશે



ન્યુ દિલ્હી,

સરકારના નવા કૃષિ કાયદા સામેના આંદોલનને ફરી એક વખત ઉગ્ર બનાવવા માટે કવાયત શરૂ થઈ ગઈ છે. જેના ભાગરૂપે દિલ્હીની ગાઝીપુર બોર્ડર પર આંદોલનમાં સામેલ થવા માટે યુપીથી હજારો ખેડૂતો ફરી રવાના થઈ રહ્યા છે. સાત મહિનાથી દિલ્હીની ગાઝીપુર બોર્ડર પર ચાલી રહેલુ આંદોલન કોરોનાની બીજી લહેર બાદ સુસ્ત પડ્યુ છે. જેમાં તેજી લાવવા માટે આજે ભારતીય કિસાન યુનિયને ટ્રેક્ટર યાત્રા કાઢવાની જાહેરાત કરી છે. બપોરે બે વાગ્યે આ યાત્રાનો પ્રારંભ થયો છે. જે ગાઝીપુર બોર્ડર પર પૂરી થશે. ગાઝીપુર પહોંચતા આ ખેડૂતોને ૨૫ જૂન સુધીનો સમય લાગશે. આ યાત્રામાં હજારો ખેડૂતો ટ્રેકટરો સાથે સામેલ થશે. રસ્તા પર બીજા મુસાફરોને હેરાન ના થવુ પડે તે માટે ટ્રેકટર યાત્રા શિસ્તબધ્ધ રીતે કાઢવામાં આવશે તેવુ ખેડૂત આગેવાન નરેશ ટિકૈતનુ કહેવુ છે. રસ્તામાં પણ બીજા ખેડૂતો આ યાત્રામાં જોડાશે. દરમિયાન યુપીના મુઝફ્ફરનગરમાં ઘઉંની ખરીદી નહીં થઈ રહી હોવાથી બુધવારે ખેડૂતોએ ચક્કાજામ કર્યો હતો અને ધરણા પર બેસી ગયા હતા. એ પછી સાંજે ખેડૂતો ઘરે પાછા ફર્યા હતા. આમ યુપીમાં સરકાર નવા કાયદાનો વિરોધ અને ઘઉંની ખરીદી એમ બે મુદ્દે હવે ખેડૂતોના રોષનો સામનો કરી રહી છે.

## વલસાડમાં ૩.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

વલસાડ,

વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના કેટલાંક વિસ્તારોમાં ભૂકંપના ૩.૭ રિક્ટર સ્કેલના હળવા આંચકા અનુભવાયા છે. ૨ હળવા આંચકાથી લોકોએ સોશિયલ મીડિયામાં ભૂકંપના આંચકાની વાતો શેર કરી હતી. ઉમરગામ તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્રના પાલઘર જીલ્લાના ધૂંદલવાડી વિસ્તારમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાથી છેલ્લાં આઠ મહિનાથી ભૂકંપના આંચકાથી ગુજરાત અને મહારાષ્ટ્રના ગામડા ધ્રૂજી રહ્યાં છે. આજે ઉમરગામ સહિત મહારાષ્ટ્રના તલાંસરી, બોરડી અને દાહાનુ સહિતના વિસ્તારોમાં ભૂકંપના હળવા આંચકાની ચર્ચા સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં થોડાંક દિવસ અગાઉ જ કચ્છમાં પણ ૪.૨ ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. બપોરના ૩:૪૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જ્યાં ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૧ કિમી ઉત્તર પૂર્વમાં આવેલું હતું.

## ભાજપ મોટી બિમારી, કોરોનાની બીજી લહેર માટે મોદી સરકાર જવાબદાર



કોલકાત્તા,

છેલ્લા કેટલાક મહિનાઓથી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કેન્દ્ર સરકાર વચ્ચે રાજકારણ, હોનારત, સ્વાસ્થ્ય સહિતના વિવિધ મુદ્દાઓને લઈને ગરમાવો વ્યાપેલો છે અને બંને એકબીજાને ટાર્ગેટ કરવાની કોઈ તક નથી છોડતા. ભાજપના નેતા જેપી નડ્ડાએ તાજેતરમાં જ કોરોના વાયરસ વેક્સિનને લઈને વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. ત્યારે મમતા બેનર્જી આ નિવેદનના કારણે ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે કોરોના મહામારીની બીજી લહેર માટે કેન્દ્રની ભાજપ સરકારને જવાબદાર ઠેરવી હતી.

જેપી નડ્ડાએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું હતું કે, જે પહેલા વેક્સિનેશનને લઈ રાજનીતિ કરી રહ્યા હતા તેઓ હવે પોતે જ વેક્સિન લેવા મથામણ કરી રહ્યા છે. આ મુદ્દે મમતા બેનર્જીએ કહ્યું કે, મને સમજાતું નથી કે, આખરે કેમ નડ્ડા આ પ્રકારની વાત કરી રહ્યા છે. શું તેમને ખબર છે કે, તેમની બેદરકારી અને ફક્ત બંગાળના રાજકારણ, ચૂંટણીમાં તેમણે રસ દાખવ્યો એટલે જ આ સ્થિતિ સર્જાઈ છે. બંગાળ ચૂંટણી બાદ પણ તેઓ બંગાળને તોડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

મમતાએ ૬થી ૮ મહિના દરમિયાન ભાજપે શું કર્યું તેવો સવાલ કર્યો હતો અને સાથે જ તેમણે કશું ન કર્યું તેવો જવાબ પણ આપ્યો હતો. આ સાથે જ તેમણે ભાજપને કોરોનાની બીજી લહેર માટે જવાબદાર ગણાવ્યું હતું. વધુમાં ગુજરાત સહિતના ભાજપશાસિત રાજ્યોમાં સરખી રીતે વેક્સિન આપવામાં આવી અને પાર્ટીના કાર્યાલયો વેક્સિન વહેંચી રહ્યા હતા જ્યારે બાકીનાઓને સરખી રીતે વેક્સિન ન અપાઈ તેવો આરોપ મુક્યો હતો અને ભાજપને બધા માટે એક મહામારી સમાન ગણાવ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શેખ આઈ. એમ.
મુ. નવી શીગન્લી,
તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શેખ એમ. એચ.
મુ. કંતાર,
તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અંબાલાલ એમ. વણકર
મુ. ઢેસીયા,
તા. લુણાવાડા

એજન્સી આપવાની છે
રીપૉર્ટીંગ અને પેપર ડિસ્ટ્રીબ્યુટર માટે
પંચમહાલ સમાચાર
પાર્ટ ટાઈમ કામ... ફુલ ટાઈમ કમાણી
રસ ધરાવતી વ્યકિતઓ માટે સુવર્ણ તક
: મહિસાગર :
લુણાવાડા, વિરપુર, બાલાસીનોર, કડાણા, ખાનપુર
: દાહોદ :
ફતેપુરા, સંજેલી, સિંગવડ, લીમખેડા, પીપલોદ, ધાનપુર
સંપર્ક : ૯૭૧૨૮ ૮૦૬૭૮, ૯૪૨૯૦ ૫૨૬૨૭

# મહિસાગર જીલ્લામાં સતત ચોથા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લા માટે આજે સતત ચોથા દિવસે પણ રાહતના સમાચાર આવ્યો છે. આજે સતત ચોથા દિવસે પણ જિલ્લા્માં નવો કોરોનાનો એક પણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાવમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષએ કોરોનાને મ્હાનત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વવસ્થ થઈને સ્વમગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૮૧૫૨૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૩ દર્દી હોમ આઈસોલેશનમાં અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૪ દર્દીઓ સ્ટેબલ છે.

# કોરોના કાળમાં માસ્ક ન પહેરવાના કારણે ગુજરાતીઓએ ૨૪૭ કરોડનો દંડ ભર્યો



અમદાવાદ,
કોરોના મહામારી વચ્ચે દરેકને ખ્યાલ છે કે બીજી લહેર દરમિયાન એપ્રિલ-મે ૨૦૨૧માં ગુજરાતમાં શું સ્થિતિ બની હતી. જોકે તેમ છતાં પણ ગુજરાતીઓને માસ્ક પહેરવું જાણે કે ગમતું જ ન હોય તેવું લાગી રહ્યું છે આ અમે નહીં પરંતુ કોરોના મહામારીના આ સમયમાં જૂન ૨૦૨૦થી ૨૨ જૂન ૨૦૨૧ સુધીમાં માસ્ક ન પહેરવા અંગે વસૂલવામાં આવેલો દંડનો આંકડો કહે છે. ગુજરાતીઓ માસ્ક ન પહેરવા સબબ એક વર્ષ જેટલા સમયમાં કુલ રુ. ૨૪૭ કરોડ દંડ પેટે ભર્યા છે. ત્યાર બાદ આજ સમયગાળમાં કોરોના કર્ફ્યુના ભંગ માટે કાયદો તોડનારાઓએ કુલ રુ. ૧૦૧ કરોડ દંડ પેટે ભર્યા છે. આમ કોરોના નિયમો તોડવા બદલ કુલ રુ. ૩૪૮ કરોડ છેલ્લા એક વર્ષમાં ભર્યા છે. આ રીતે જોઈએ તો પ્રતિ દિવસ રાજ્યમાં રુ. ૧ કરોડની એવરેજ સાથે કાયદો તોડનારાઓએ દંડ ભર્યો છે.

એક ઉચ્ચ પોલીસ અધિકારીએ કહ્યું કે 'છેલ્લા એક વર્ષમાં અમે લગભગ ૩૬.૮ લાખ લોકોને માસ્ક ન પહેરવા માટે દંડ કર્યો છે. આ લોકોએ દંડ પેટે રુ. ૨૪૭ કરોડ ચૂકવ્યા છે. જેનો અર્થ છે કે અમે દરરોજ ૮૦૦૦ થી ૯૦૦૦ લોકોને દરરોજ માસ્ક ન પહેરવા મટે દંડ કરીએ છીએ.' માસ્ક અંગેના કેસ ઉપરાંત રાજ્યમાં આટલા જ સમયાગાળામાં ૬.૮ લાખ કેસ કર્ફ્યુના નિયમો તડનારા સામે થયા છે. આ લોકો કર્ફ્યુ સમયમાં પોતાના વાહનો પર યોગ્ય કારણ વગર ફરતાં પકડાયા છે જેથી તેમની વિરુદ્ધ મોટર વેહિકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૨૦૭ અંતર્ગત ગૂનો નોંધીને દંડ વસૂલવામાં આવ્યો છે આ દંડની રકમ રુ. ૧૦૧ કરોડ જેટલી થાય છે.

મોટર વેહિકલ એક્ટની આ કલમ હેઠળ પોલીસ એવા વ્યક્તિને દંડ કરી શકે છે જે કર્ફ્યુ સમય દરમિયાન યોગ્ય પાસ અથવા પરમિટ વગર ફરી રહ્યા હોય. કુલ આંકાડ અનુસાર દૈનિક સરેરાશ કાઢીએ તો છેલ્લા એક વર્ષથી રાજ્યમાં પોલીસ આ બંને કાયદાના ભંગ માટે દૈનિક રુ. ૯૫ લાખ એટલે કે લગભગ કરોડની આસપાસ જેટલી રકમ દંડ પેટે વસૂલે છે. પોલીસ અધિકારીએ ઉમેર્યું કે પોલીસ દ્વારા તહેવારો અને ચૂંટણીના સમયમાં કુણું વલણ અપનાવ્યા છતાં આટલી મોટી દંડની રકમ જમા થઈ છે.

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ માનહાનિ કેસમાં સુરત કોર્ટમાં હાજરી આપી



સુરત,
કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કોર્ટમાં હાજરી આપવા માટે સુરત આવ્યા હતા. ચૂંટણી સભામાં મોદી સમાજ અંગે કરેલી ટીપ્પણી અંગે રાહુલ સામે ચાલી રહેલા કેસની સુનાવણીમાં હાજરી આપવા કોંગ્રેસ નેતા કોર્ટમાં આવી પહોંચ્યા હતા. સુરત એરપોર્ટ પર ગુજરાત કોંગ્રેસના નેતાઓએ રાહુલ ગાંધીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આજે કોર્ટમાં રાહુલ ગાંધીનું નિવેદન લેવામાં આવ્યું હતું. કોર્ટમાં લગભગ એક કલાક હાજરી આપ્યા બાદ તેઓ સીધા એરપોર્ટ જવા રવાના થયા હતા. જ્યારે આ કેસમાં આગામી સુનાવણી ૧૨મી જુલાઈના રોજ હાથ ધરાશે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી દ્વારા દરેક ચોરની અટક કેમ મોદી હોય છે? જેવા વિવાદિત નિવેદન સામે સુરતની કોર્ટમાં દાખલ કરાયેલાં એક કેસની આજે યોજાનારી સુનાવણીમાં રાહુલ ગાંધી હાજર રહ્યાં હતા. સુરતના પશ્ચિમ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા સુરતની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીના નિવેદનથી સમગ્ર મોદી સમાજની લાગણી દુભાઈ છે. સુરત પહોંચેલાં કોંગી નેતાઓએ ભાજપ સરકાર પર રાહુલ ગાંધીને હેરાન કરવાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભાજપે રાહુલ ગાંધી વિરુદ્ધ જુદા જુદા નિવેદનો બદલ દેશના અનેક શહેરોમાં કેસ દાખલ કર્યા છે. આ કેસની ઓક્ટોબર-૨૦૧૯માં કરવામાં આવેલી સુનાવણી દરમિયાન પણ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સુરતની કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. આજે રાહુલ ગાંધી સુરત આવવાના હોવાથી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસ અગ્રણીઓ મોટી સંખ્યામાં સુરત પહોંચ્યા હતા. સુરત એરપોર્ટ પર ગુજરાત કોંગ્રેસના અગ્રણીઓએ રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું.

# ૨૪ કલાકમાં ૫૪,૦૬૯ નવા કરોનાના કેસઃ કુલ એક્ટિવ કેસ ૬.૨૭ લાખ

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોનાના દૈનિક કેસનો આંકડો ૫૦ હજારની અંદર પહોંચ્યા પછી તેમાં બે દિવસથી વધારો નોંધાઈ રહ્યો છે. સોમવારે કોરોનાના નવા કેસ ૪૨,૬૪૦ નોંધાયા હતા, જે પછી મંગળવારે ૫૦,૮૪૮ નવા કેસ નોંધાયા અને ગઈકાલે તેમાં વધારો થયો છે. ડેલ્ટા પ્લસ કેસની સંખ્યા મહારાષ્ટ્ર, કેરળ અને મધ્યપ્રદેશમાં વધુ જોવા મળતા કેન્દ્ર સરકારે તકેદારીના પગલા ભરવા માટે સૂચન કર્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૪,૦૬૯ કેસ નોંધાયા છે. મહત્વનું છે કે બે દિવસ પહેલા કેસનો આંકડો ૫૦ હજારની અંદર પહોંચી ગયો હતો. ૨૪ કલાકમાં વધુ ૧,૩૨૧ દર્દીઓના મોત થયા છે.

ભારતમાં કોરોનાના વધુ ૬૮,૮૮૫ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૯૦,૬૩,૭૪૦ થઈ ગઈ છે. કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા મંગળવાના નવા કેસ સાથે ૩ કરોડને પાર થઈ ગઈ હતી, જેની કુલ સંખ્યા ૩,૦૦,૮,૭૭૮ થઈ ગઈ છે. ૧૩૨૧ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૩,૯૧,૯૮૧ થઈ ગયો છે.

કોરોનાના સાજા થતા દર્દીઓની સંખ્યા નવા કેસની સામે વધુ નોંધાતી હોવાથી એક્ટિવ કેસનો ઘટીને ૬,૨૭,૦૫૭ થઈ ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૬.૬૧% થયો છે. જ્યારે સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૫% કરતા નીચે ૩.૦૪% રહ્યો છે. આ સિવાય દૈનિક પોઝિટિવીટી રેટમાં સામાન્ય વધારો થતા તે ૨.૯૧% થઈ ગયો છે. ગઈકાલે દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૬૭% નોંધાયો હતો.

૧૬ જાન્યુઆરીએ દેશમાં કોરોના સામે લડવા માટે રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં આજે સવારે જાહેર કરાયેલા આંકડા પ્રમાણે દેશમાં કુલ ૩૦,૧૬,૨૬,૦૨૮ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૩ જૂન સુધીમાં કુલ ૩૯,૭૮,૩૨,૬૬૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૮,૫૯,૪૬૯ સેમ્પલ લેવામાં આવ્યા છે.

# ભાગેડુ નીરવ મોદીની સુરતની સંપત્તિ જપ્ત કરવા લીલીઝંડી મળી



સુરત,
ભાગેડુ નિરવ મોદીના કૌભાંડનો મામલામાં તેની સુરતની ૫૦ કરોડની ૯ મિલકત જપ્ત કરવા આદેશ કરાયા છે. ૧૧.૩૭ કરોડના હીરા મુંબઈ-સુરતના સ્ટ્રોંગ રૂમમાં જપ્ત કરાયા છે. તો ૪.૯૩ કરોડના ડાયમંડ, ૬.૪૪ કરોડના ડાયમંડ-કિંમતી પથ્થર જપ્ત કરાશે. સાથે જ બેલ્જિયમ સ્વેકરની ચાર ઓફિસો જપ્ત કરવામાં આવશે. સચીન સેઝમાં ફાયર સ્ટાર ડાયમંડની ૬ હજાર સ્કવેર મીટર જગ્યા પણ જપ્ત કરાશે.

પીએનબીના રૂ.૧૪૦૦ કરોડના કૌભાંડ કરીને નીરવ મોદી દેશ બહાર ભાગી ગયો છે. ત્યારે વિદેશ ફરાર થયા બાદ તેની સુરતમાં આવેલી ૯ સ્થાવર-જંગમ મિલકતોને જપ્ત કરવાનો આદેશ કરાયો છે. જેની માર્કેટ કિંમત લગભગ ૫૦ કરોડ છે. આ ૫૦ કરોડની મિલકતમાં અલગ અલગ વસ્તુઓનો સમાવેશ થાય છે.

સુરતના ત્રણ એસઈઝેડ ડાયમંડ યુનિટમાંથી સુરત કસ્ટમ-સેન્ટ્રલ વિભાગે ૭ વર્ષ પહેલાં કુલ રૃ. ૯૩.૭૦ કરોડના ડાયમંડ ઓવર વેલ્યુએશન કેસ કર્યો હતો. જેની કોર્ટ કાયવાહીમાં સમન્સ-વોરંટ છતાં હાજર ન થનાર નિરવ મોદીની સુરતમાં આવેલી મિલકત જપ્ત કરવા સુરત કસ્ટમ-સેન્ટ્રલ વિભાગની માંગ પર સુરત ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અમિતકુમાર દવેએ મંજુરી આપી છે. સીઆરપીસીની કલમ ૮૩ હેઠળ આ મિલકતો જપ્ત કરાશે.

# આકાશીય વીજળીથી બચવા માટે આટલું કરીએ

લુણાવાડા,
વર્ષાઋતુમાં વીજળી પડવાને કારણે તથા પાણીના પ્રવાહમાં તણાવાના કારણે માનવ/પશુ મૃત્યુના બનાવ બનવા પામતા હોય છે. ત્યારે આકાશીય વીજળીથી બચવા માટે શું કરીએ તો માનવ-પશુ જિંદગી બચી શકે.

આકાશીય વીજળીથી સુરક્ષિત રહેવાના પગલાંઓ જેવાં કે જ્યારે આપણે ઘરની અંદર હોઈએ ત્યારે વીજળીથી ચાલતા ઉપકરણોથી દુર રહેવુ જોઈએ, તારથી ચાલતા ફોનનો ઉપયોગ ન કરીએ, બારી-બારણા અને છતથી દુર રહીએ, વીજળીના વાહક બને તેવી કોઈપણ ચીજવસ્તુથી દુર રહીએ, ધાતુથી બનેલા પાઈપ, નળ, ફુવારો, વોશબેસીન વગેરેના સંપર્કથી દુર રહીએ, આકાશીય વીજળી સમયે જો ઘરની બહાર હોઈએ તો ઊંચા વૃક્ષો વીજળીને આકર્ષે છે જેથી તેનો આશરો લેવાનું ટાળીએ, આસપાસ ઊંચા માળખા ધરાવતા વિસ્તારમાં આશરો લેવાનું ટાળીએ અને ટોળામાં રહેવાને બદલે છૂટાછવાયા વિખરાઈ જઈએ, મકાનો આશ્રય માટે ઉત્તમ ગણાય છે, જ્યારે મુસાફરી કરતા હોઈએ તો વાહનમાં જ રહીએ, મજબૂત છતવાળા વાહનમાં રહીએ.

આ ઉપરાંત ધાતુની વસ્તુનો બહાર ઉપયોગ ન કરીએ, ધાતુની વસ્તુઓ જેવી કે બાઈક, ઈલેક્ટ્રીક કે ટેલીફોનના થાંભલા, તારની વાડ, મશીનરી વગેરેથી દૂર રહીએ, પાણી વીજળીને આકર્ષે છે, તેથી પુલ, તળાવો અને જળાશયોથી દુર રહીએ, પાણીમાં હોઈએ તો બહાર આવી જઈએ, જો આપણા માથાના વાળ ઉભા થઈ જાય, ચામડીમાં ઝણઝણાટી થાય ત્યારે તાત્કાલિક નીચા નમીને કાન ઢાંકી દઈએ, કારણ કે તમારી આસપાસ વીજળી ત્રાટકી રહી છે તેમ સમજીને જમીન પર સુવાનું ટાળવું અથવા તો જમીન પર હાથ અડકે નહીં તેનું ધ્યા,ન રાખીએ.

આકાશીય વીજળીનો ઝટકો લાગે તો વીજળીનો આંચકો લાગેલ વ્યક્તિને જરૂર જણાય તો કૃત્રિમ શ્વાસોશ્વાસ (સીપીઆર) આપવો જોઈએ અને તાત્કાલિક પ્રાથમિક તબીબી સારવાર આપવી જોઈએ. વીજળીની સલામતી માર્ગદર્શિકા એ ૩૦-૩૦ નો નિયમ છે, વીજળી જોયા પછી ૩૦ની ગણતરી શરૂ કરવી, જો આપણે ૩૦ સુધી પહોંચતા પહેલા ગાજવીજ સાંભળીએ તો ઘરની અંદર જતા રહેવું જોઈએ, ગર્જનાના છેલ્લા તાળા પછી ઓછામાં ઓછા ૩૦ મિનિટ પ્રવૃત્તિઓ સ્થગિત કરી દઈએ. ઈલેક્ટ્રીક વીજ ઉપકરણોને નુકસાન ન થાય તે માટે હંમેશા કામની સ્થિતિમાં અર્થીંગ રાખીએ. આમ, આપણે ચોમાસની ઋતુમાં જો આટલી જાગૃતિ રાખીશું તો આપણે આપણાં અને પશુના જીવનને સુરક્ષિત બનાવી શકીશું.

# પૂનમના દિવસે અંબાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું



અંબાજી,
કોરોના મહામારીને લઈ તમામ ધાર્મિક સ્થાનો બંધ કરવામાં આવ્યા હતા. છેલ્લા એક વર્ષથી સતત મંદિરો બંધ રહ્યાં હતા. જેથી ભક્તો દર્શન માટે જઈ શકતા નહોતા જોકે હવે કોરોના સંક્રમણ ઘટતા દેવસ્થાનો ફરી ધમધમતા થયા છે. અંબાજી મંદિરમાં દોઢ વર્ષ બાદ જોવા મળ્યો ભક્તિમય માહોલ જોવા મળ્યો છે. જેમાં હજારો ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી છે.

અંબાજી મંદિર હવે ફરી યાત્રાળુઓથી ઉભરાઈ રહ્યું છે. બોલમાડી અંબે જય જય અંબેના નાદ સાથે શક્તિ પીઠ અંબાજી ગુંજી ઉઠ્યું છે. અંબાજી મંદિર ખુલ્યા બાદ ની આજે જેઠસુદ પુર્ણિમાએ મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા છે. અંબાજી મંદિરમાં ભક્તોની ભીડ જામી છે. અંબાજી મંદિરે નિયમીત પુનમ ભરતા ભક્તો અનેક પુનમ ચુક્યા હતા. માની મમતા ખોળવાઈ હતીને હવે ફરી મળી હોય તેવા દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. આજે ફરી પુનમે મંદિરમાં દર્શન મળતા ખુશીની લાગણી શક્તિ પીઠ ખાતે સર્જાઈ રહી છે. હવે કોરોના કાયમી જાય તેવી પ્રાર્થના ભક્તો દ્વારા કરવામાં આવી રહી છે. આગામી સમયમાં પણ મોટી સંખ્યામાં ભક્તો માં અંબેના દર્શન માટે આવે તેવું દેખાઈ રહ્યું છે.

# અમદાવાદમાં વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ અંતર્ગત રોજ ૧૦૦૦ મે.ટન કચરામાંથી વીજળી ઉત્પન્ન કરાશે

અમદાવાદ,
અમદાવાદ શહેરના ઘન કચરામાંથી હવે વીજળી ઉત્પન્ન થશે. પીરાણા પાસે પ્લાન્ટ બનાવવા માટેની કામગીરી સોંપવામાં આવી છે. આ પ્લાન્ટ ૨૦૨૧ના અંત સુધીમાં કાર્યરત થઈ જશે તેવી શક્યતા છે. આ પ્લાન્ટ કાર્યરત થયા બાદ રોજ ૧૦૦૦ મે.ટન ઘન કચરામાંથી ૧૪ મે.વો. વીજળી ઉત્પન્ન કરાશે. આ સાથે અન્ય એક જગ્યાએ પણ વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ માટેની કામગીરી સોંપવામાં આવી છે. જ્યારે ત્રીજા પ્લાન્ટ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ બહાર પાડવામાં આવ્યો છે. સાબરકાંઠા લોકસભાના સાંસદ અને સ્ટેન્ડિંગ કમિટી ઓફ એનર્જીના સભ્ય દિપસિંહ રાઠોડ દ્વારા ગુજરાતનો સૌ પ્રથમ વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટના પ્લાનની અમદાવાદ ખાતે રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં તેમણે ત્યાંના અધિકારીઓ અને ઈજનેર સાથે સમગ્ર પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી લઈ સઘન ચર્ચા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા એબેલોન ક્લિન એનર્જિ લી.ને પીપીપી ધોરણે ૧૪ મે.વો. વીજળી બનાવવાનો પ્લાન્ટ લગાવવાની કામગીરી સોંપવામાં આવેલી છે. આ પ્લાન્ટમાં મશીનરી ઈન્સ્ટોલ કરવાની કામગીરી ૨૦૨૧ના અંત સુધીમાં પૂર્ણ કરી પ્લાન્ટ કાર્યરત કરી દેવામાં આવશે એમ સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ શહેરમાં ઘન કચરામાંથી વીજળી બનાવવાના વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટના આ પ્લાન્ટમાં પર્યાવરણ સંબંધિત યુરોપીયન ધારા-ધોરણો તથા લેટેસ્ટ ટેકનોલોજી વાપરવામાં આવશે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આ પ્રોજેક્ટ માટે ૧૩ એકર જમીન આપવામાં આવી છે.

આ પ્લાન્ટ કાર્યરત થા બાદ દૈનિક ૧૦૦૦ મે.ટન જેટલો ઘન કચરો સીધે સીધો વીજળી બનાવવાના પ્લાન્ટમાં ઉપયોગમાં લેવામાં આવશે. જેથી ડમ્પ સાઈટ પર કચરાનું ભારણ ઘટશે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અન્ય એક એજન્સીને પણ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ લગાવવા માટેની કામગીરી સોંપવામાં આવેલી છે. વધુમાં શહેરને ઝીરો વેસ્ટ સિટી બનાવવા અને નાગરિકોની સુખાકારી માટે ભવિષ્યના આયોજનના ભાગરૂપે ત્રીજો વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ લગાવવા માટેનું એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ બહાર પાડવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. આ પ્લાન્ટ તૈયાર થયા બાદ અમદાવાદ શહેરમાં ડમ્પ સાઈટો પરથી કચરાના ડુંગરો ઓછા થતા જણાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૫-૦૬-૨૦૨૧, શુક્રવાર, જેઠ વદ-પ્રથમ, સૂર્યોદય-૫-૨૪, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન(ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ, પૂર્વાષાઢા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૫.૦૬.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ.

વૃષભ(બ.વ.ઉ.):- કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો.

કર્ક(ડ.હ.):- એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.

સિંહ(મ.ટ.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.

કન્યા(પ.ઠ.ણ.):- સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

તુલા(ર.ત.):- અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

મકર(ખ.જ.):- સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે.

કુંભ(ગ.શ.સ.):- આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

મીન(દ.ચ.ઝ.):- તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી [redacted]. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે ત[redacted]માં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આર્થિક રૂપે [redacted]જબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે [redacted]ણી તકો બનશે.

# ઝાલોદ તાલુકાના લીમડી ગામે વરસાદ પડતા ગરમીથી થોડી રાહત મળતા લોકોમાં ખુશીનો માહોલ



ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરના લીમડી અને ધાનપુર તાલુકાના મુખ્ય મથક લીમડીમાં આજરોજ વહેલી સવારથીજ વાતાવરણમાં અચાનક પલ્ટો આવતાં વરસાદી માહોલ જામ્યો હતો અને વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતાં સર્વત્ર વરસાદી પાણી છવાઈ હતાં. ઘણા દિવસોથી અસહ્ય બફારા તેમજ ગરમીથી લોકોને રાહત મળી હતી. ત્યારે વરસાદની રાહ જોઈ બેઠેલા ખેડુત મિત્રો પણ ખેતીકામમાં જોતરાયા હતાં.

આજરોજ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં અચાનક પલ્ટો આવ્યો હતો. જેને પગલે વહેલી વરસાદ પડ્યો હતો. સવારથીજ વાતાવરણમાં અલગ માહોલ હતો. કાળઝાળ ગરમી બાદ વાતાવરણ બદલાયું અને લીમડી નગરમાં વરસાદ પડતાં લોકોને બફારા તેમજ ગરમીથી રાહત મળી હતી. વરસાદ પડતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. વરસાદને પગલે સમગ્ર લીમડી નગરમાં વાતાવારણમાં ઠંડક પ્રસરી હતી.

ત્યારે બીજી તરફ ફતેપુરામાં પણ મેઘરાજની ધમાકેદાર એન્ટ્રી કરતાં લોકો તેમજ ધરતી પુત્રોમાં આનંદની લાગણી છવાઈ હતી. ફતેપુરામાં સવારથી અસહ્ય ગરમી અને બફારો હોવાથી બપોરના આસરે બે કલાકનો સુમરે આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાઈ જાય ધમાકેદાર વરસાદની એન્ટ્રી થવા પામેલ હતી વરસાદ પડતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. વરસાદની ધમાકેદાર એન્ટ્રી થી ખેડૂત વર્ગમાં ખુશીની લહેર ફેલાઈ જવા પામી હતી જ્યારે વરસાદ પડતાં જ નગરના તમામ રસ્તાઓ પર પાણી પાણી થઈ જવા પામ્યું હતું. ગાજ વીજ સાથે વરસાદ પડતા લોકો વરસાદના પાણીથી પલળીના જવાય તે માટે વરસાદથી બચવા આમથી તેમ નાસ ભાગ કરતા જોવા મળતાં હતાં.

## દાહોદ જીલ્લામાં આજે કોરોના આંક શૂન્ય

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે પણ કોરોનાનો શુન્ય કેસ નોંધાયો છે. આર.ટી.પી.સી.આર અને રેપીટ ટેસ્ટના ૧૦૯૦માંથી એક પણ કેસ પોઝીટીવ નોંધાયો નથી. સદંતર શુન્ય કેસો નોંધાતાં ટુંક સમયમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થવાની કગારે ઉભો છે ત્યારે એક્ટીવ કેસની સંખ્યા પણ જુજ છે.

દાહોદ જિલ્લાના તમામ શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારો કોરોના મુક્ત થઈ રહ્યાં છે. છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના કેસોમાં શુન્ય આંકડો આવી રહ્યો છે. જે રાહતના સમાચાર છે. કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવી મુક્યો હતો ત્યારે કોરોનાના ઘટતાં કેસો અને શુન્ય કેસોને પગલે જિલ્લાવાસીઓ સહિત જિલ્લા વહીવટી તંત્ર સમેત આરોગ્ય તંત્રએ રાહત અનુભવી છે. આજે વધુ ૦૨ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.ત્યારે એક્ટીવ કેસની સંખ્યા ૦૩ જ રહેવા પામી છે દાહોદ જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૩૮ ને પાર થઈ ચુંકી છે ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૨ ઉપર પાર થઈ ચુંકી છે.

# દાહોદમાં ૧૦ બાળકોએ કોરોનામાં માતાપિતાની છત્રછાયા ગુમાવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

માત્ર સાડા છ વર્ષનો માસૂમ અજિત છેલ્લા એકાદ પખવાડિયાથી મધરાતે અચાનક ભરનિંદરમાંથી ઉઠી જાય છે. તેના દાદા તેમને વ્હાલથી પથારીમાંથી ઉઠાડીને ઘરની બહાર ફળિયામાં લઇ જાય અને એકાદ વાર્તા સંભળાવી ફરી ઘરમાં લાવી પથારીમાં સુવડાવી છે.

અજીત રાત્રે એટલા માટે જાગી જાય છે કે તેને પોતાના માતાપિતાની પડખે સુવાની આદત છે. પણ, હવે તેમની પડખે સુવામાં દાદાદાદી કે ભાઇ સિવાય કોઇ નથી. આ કાળમુખા કોરોનાએ અજિતના માથા ઉપરથી માતાપિતાની છત્રછાયા એક સાથે છીનવી લીધી છે. કુદરત કેટલી કુર હોઇ શકે એનું આ તાદ્રષ્ય ઉદાહરણ છે. કોરોનાકાળની આવી અનેક કરૂણાંતિકામાં રાહતની વાત તો એ છે કે રાજ્ય સરકાર એમની પડખે ઉભી છે.

મૂળ વાત એ છે કે, ફતેપુરા તાલુકાના ઘાણીખુંટ ગામમાં રહેતા ૩૨ વર્ષના વિજયભાઇ મકવાણા અને ૩૦ વર્ષના આશાબેન મકવાણા અર્થોપાર્જન કરવા અમદાવાદ નજીક બાકરોલમાં કડિયા કામ કરતા હતા. કાળમુખા કોરોનાની બીજી લહેર શાંત થવામાં હતી. એ દરમિયાન આ દંપતિને કડિયા કામ મળતા તેઓ તેમના ત્રણ પુત્રો પૈકી અજિતને સાથે લઇ અમદાવાદ ગયા. બાકીના બે પુત્રો ૧૧ વર્ષના અમિત અને આઠ વર્ષના રોમિતને પોતાના ઘરે દાદા પાસે મૂકીને ગયા.

બન્યુ એવું કે, ગત્ત તારીખ ૭ જુનના રોજ અચાનક વિજયભાઇનો ગામમાં પોતાના ભાઇભાંડુ ઉપર ફોન આવ્યો કે તેમને તાવ આવી રહ્યો છે. શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. મને અમદાવાદથી લઇ જાવ. ગામના કેટલાક યુવાનો એમને લઇ આવ્યા. વિજયભાઇ કે આશાબેન પોતાની તકલીફનું વર્ણન કરી ના શકે એવી સ્થિતિમાં હતા. પરિવારજનો અને ગામના અન્ય લોકોએ તેમને પ્રથમ સુખસર, પછી ઝાલોદ અને બાદમાં ઝાયડ્સ ખાતે લઇ આવ્યા પણ બચાવી શકાયા નહી. વર્ષ ૨૦૦૯માં લગ્નના તાંતણે બંધાનારા આ યુગલે સાથે અનંતની વાટ પકડી.

અમિત, રોમિત અને અજિત સાવ નિરાધાર થઇ ગયા. ત્રણે બાળકો તેમના દાદા ખેમાભાઇ અને દાદી સુમિત્રાબેન સાથે રહે છે. તેમના ચહેરા ઉપર માસૂમિયત છલકે છે. અમિતને સ્થિતિનો ખ્યાલ છે પણ રોમિત અને અજિતને દુનિયાદારીનો સ્પર્શ જ થયો નથી. આવી જ બાબતને ધ્યાને રાખીને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સંવેદનાપૂર્ણ નિર્ણય કરી કોરોનાકાળમાં માતાપિતા બન્ને ગુમાવનારા બાળકોને માસિક રૂ. ચાર હજારની સહાય કરવાનો ઉદ્દાતભાવ દર્શાવ્યો છે.

દાહોદમાં આવા દસ કિસ્સા ધ્યાને આવ્યા છે, તેમ કહેતા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ તાવિયાડ કહે છે, બાળ કલ્યાણ સમિતિએ આ દસેય બાળકોના વાલીઓને માન્યતા આપી દીધી છે. વાલીપણાના નિર્ણય ખૂબ જ ઝડપથી લેવામાં આવ્યા છે. અમે આવા કરૂણાસભર કિસ્સામાં બાળકોને તમામ પ્રકારની મદદ કરવાનો નિર્ણય કર્યો છે. દાહોદમાં કેટલાક બાળકો પાસે પૂરતા દસ્તાવેજો નથી. એટલે અમે જાતે એ દસ્તાવેજો કઢાવીએ છીએ. મૃત્યુના પ્રમાણપત્રો ઝડપથી નીકળી જાય એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. એટલે અમે જાતે જ મૃત્યુના પ્રમાણપત્રો કઢાવી લઇએ છીએ. અમારી ટીમ દસ્તાવેજો પહોંચતા કરે છે. બાળક દીઠ રૂ. ચાર હજારની સહાય મળશે.

જિલ્લા બાળ સુરક્ષા એકમમાં લીગલ પ્રોબેશન ઓફિસર અબ્દુલ વસીમ કુરેશી, સામાજિક કાર્યકર નારસિંગ બરજોડ અને નેહા મિનામા, ક્ષેત્રીય કાર્યકર પ્રતાપ કટારા સમય જોયા વિના આવા બાળકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની મદદ અપાવવા માટે મહેનત કરી રહ્યા છે. આ માટે જરૂરી માર્ગદર્શન સમાજ સુરક્ષા અધિકારી આર. પી.ખાંટા આપી રહ્યા છે.

ટૂંકી ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા ખેમાભાઇ મકવાણા કહે છે, રાજ્ય સરકારની સહાય મળતા અમને આ ત્રણ બાળકોના ભરણપોષણ કરવામાં આર્થિક સમસ્યા નહી રહે.

## RTE અંતર્ગત બાળકોને નિઃશુલ્ક શાળામાં પ્રવેશ માટે ૨૫ જુન થી ૫ જુલાઇ સુધીમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના વાલીઓના બાળકોને નિઃશુલ્ક પ્રવેશ યોજના હેઠળ ઓનલાઇન પ્રવેશ ફોર્મ તા.૨૫ જુન થી ૫ જુલાઇ સુધીમાં ઓનલાઇન http://rte.orpgujarat.com વેબસાઇટ પર ભરી જરૂરી પુરાવા અપલોડ કરી શકાશે. આરટીઇ એક્ટ ૨૦૦૯ હેઠળ આ લાભ આપવામાં આવશે.

યોજનાની માહિતી મેળવવા જિલ્લા કક્ષાની હેલ્પલાઇન નંબર ૦૨૬૭૩-૨૩૯૧૧૩- (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી) નો સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત આ યોજનાની માહિતી મેળવવા તાલુકા કક્ષાએ હેલ્પ ડેસ્ક પરથી માહિતી મેળવી શકાશે. જેમાં દાહોદ તાલુકા માટે દક્ષેશ પ્રજાપતિ૯૪૨૯૨૯૪૮૨૭, જીતુભાઇ પટેલ ૮૧૬૦૧૪૨૭૪૬, ઝાલોદ તાલુકા માટે દિનેશ ભૂરિયા ૯૮૭૯૭૮૦૯૫૬, ચંદ્રભાણસિંહ રાઠોડ ૯૭૧૪૫૭૦૫૨૫, ફતેપુરા માટે હરેશ ગોહિલ ૯૭૨૩૩૧૧૯૪૭, ગિરવિરસિંહ પુવાર ૯૮૨૫૨૯૬૪૩૩, લીમખેડા તેમજ સીંગવડ માટે નિલેશ પ્રજાપતિ ૯૯૨૫૯૭૮૦૦૨, અંજના પંચાલ ૯૪૨૬૯૩૩૩૧૦, દેવગઢ બારીયા માટે અરવિંદ પરમાર ૯૯૯૮૨૯૧૬૭૯, રાજેન્દ્ર જાદવ ૯૯૭૯૭૫૧૬૦૫, ગરબાડા માટે ગિરિશ પરમાર ૯૪૨૮૯૦૪૨૬૪, શ્રેયશ ડાબર ૮૧૪૧૧૬૯૨૪૬, ધાનપુર માટે ટીનુ તડવી૯૬૩૮૦૧૮૬૭૧, અશોક બારીયા ૮૮૪૯૮૦૭૭૫૭, સંજેલી માટે જગદીશ કમોળ ૯૯૨૫૪૬૧૬૪૨, રોહિત પટેલ ૮૮૪૯૩૮૬૫૬૬ નો સંપર્ક કરી વિગતવાર માહિતી મેળવી શકાશે.

આ યોજના માટે ૧ જુન, ૨૦૨૧ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તે બાળકને પ્રવેશ અપાશે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ધોરણ ૧ થી ૮ માં ભણતાં બાળકોને આ યોજના લાગુ પડશે નહી. આ યોજનાનો લાભ લેવા માટે આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે ૧.૫૦ લાખ રહેશે. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ, તેમજ તેની સાથેના આધાર પૂરાવા અપલોડ કરવાના રહેશે તેમજ અપલોડ પછી તેને સાચવી રાખવાના રહેશે. દાહોદના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખે એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# દે.બારીઆના શાદરા ગામની પરણિતાને પુત્ર સાથે અપહરણ કરી કાઠીયાવાડ ગામે લઈ જઈ દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના શાદરા ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં એક ઈસમે એક પરણિત મહિલાને તેના પુત્ર સાથે અપહરણ કરી લઈ કાઠીયાવાડ ગામે લઈ જઈ પરણિતાને તથા તેના પુત્રને બાર દિવસ સુધી એક મકાનમાં ગોંધી રાખી પરણિતા ઉપર અવાર નવાર બળાત્કાર ગુજારતાં પરણિતા જેમ તેમ કરી ઈસમના ચંગુલમાંથી છુંટી ઘરે પરત આવી સઘળી હકીકત જણાવતાં પરિવારજનો સાથે પરણિતા દેવગઢ બારીઆ પોલીસ મથકે આવી પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

દેવગઢ બારીઆ તાલુકાના સીમળાઘસી ગામે રહેતો વિકેશભાઈ ભારતભાઈ રાઠવા ગત તા.૨૮મી મેના રોજ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૩૦ વર્ષીય પરણિતાના ઘરે મોટરસાઈકલ લઈ આવ્યો હતો અને પરણિતાને કહેલ કે, હું તને મારી પત્નિ તરીકે રાખવા લઈ જવાનો છું અને જો તું નહીં આવે તો તને અને તારા છોકરાને મારી નાંખીશ તેમ કહી ધાકધમકીઓ આપી હતી અને પરણિતા અને તેના પુત્રને બળજબરીપુર્વક મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી ગયો હતો. અપહરણ કરી પરણિતા અને તેના પુત્રને કાઠીયાવાડ ગામે લઈ ગયો હતો જ્યાં વાડીમાં એક મકાનમાં બંન્ને માતા – પુત્રને બાર દિવસ સુધી ગોંધી રાખ્યાં હતાં. આ દરમ્યાન વિકેશભાઈએ પરણિતાને કહેલ કે, તારે હવે મારી પત્નિ તરીકે રહેવાનું છે, જો તું નહીં રહે તો તને મારી નાખીશ તેવી ધાકધમકીઓ આપી પરણિતાની સાથે તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો.

આ સંબંધે પરણિતા વિકેશભાઈ ભારતભાઈ રાઠવાના ચંગુલમાંથી છુંટી પોતાના પરિવાર સાથે પુત્ર સાથે પરત આવતાં ઉપરોક્ત હકીકત જણાવતાં પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને પરણિતાને લઈ દેવગઢ બારીઆ પોલીસ મથકે આવી પરણિતા દ્વારા વિકેશભાઈ ભારતભાઈ રાઠવા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વિકેશભાઈ ભારતાભાઈ રાઠવાના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## ધાનપુરના પાટડી ગામે દાદાને પૌત્ર એ મારમારી હત્યા કરી

ધાનપુર,

લીમખેડા તાલુકાના ધાનપુર પાટડી ગામે ડામોર ફળિયામાં ગઈકાલે સાંજે ૭૦ વર્ષિય દાદાની તેના જ પૌત્રએ કોઈ કારણોસર હુમલો કરી ગેબી માર મારી હત્યા કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકાના ધાનપુર પાટડી ગામે આવેલા ડામોર ફળિયામાં રહેતા કીડીયાભાઈ કાનજીભાઈ ડામોર ઉંમર ૭૦ નાઓનો પૌત્ર સુક્રમભાઈ વરસીંગભાઈ ડામોરના એ ગઈકાલે મંગળવાર ની સાંજે આઠેક વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર ઉશ્કેરાઈ જઈને તેના જ દાદા કીડીયા ભાઈ કાનજીભાઈ ડામોર ઉપર હુમલો કર્યો હતો અને શરીરના ભાગે ગેબી માર મારીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યો હતો તેથી ૭૦ વર્ષીય દાદાની તેના જ પૌત્રએ કોઈ કારણોસર ઉશ્કેરાઈ જઈને હુમલો કરી માર મારીને હત્યા કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવ સંદર્ભે ધાનપુર પાટડી ગામના તેરસીંગભાઈ કીડીયા ભાઈ ડામોરે નોંધાવેલી ફરિયાદના આધારે લીમખેડા પોલીસે સુક્રમ ડામોર વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના નગરાળા ગામે કત્તલ માટે ગોંધી રાખેલ પાંચ પશુઓને પોલીસે બચાવ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના નગરાળા ગામે એક મકાનમાં ગૌવંશનું કતલ થતું હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગતરોજ મકાનમાં ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસે મકાનમાંથી કતલ કરેલ ગૌમાંસ તથા કતલ કરવા માટે ગાયો નંગ.૦૩ તથા બળદો નંગ.૦૨ મળી કુલ ૦૫ પશુઓને બચાવી લઈ નજીકની ગૌશાળા ખાતે મોકલી આપી હતી જ્યારે પોલીસ આવતી હોવાની જાણ થતાંની સાથે જ આરોપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના નગરાળા ગામે ભુરીયા ફળિયામાં રહેતાં મનજીભાઈ હુમલાભાઈ માવીએ પોતાના કબજાના રહેણાંક મકાનમાં ગત તા.૨૩મી જુનના રોજ ગૌમાંસનું કલત કરતો હતો. આ અંગેની બાતમી ગૌરક્ષક ટીમ અને પોલીસને થતાં પોલીસ કાફલો ગૌરક્ષકોની ટીમની સાથે મનજીભાઈના મકાનમાં ઓચિંતો છાપો માર્યો હતો. જ્યારે પોલીસ આવી હોવાની વાતની જાણ થતાં મનજીભાઈ હુમલાભાઈ માવી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના મકાનમાંથી કતલ કરેલ ગૌમાંસ તેમજ કતલ કરવા માટે ક્રુરતા પુર્વક અને વગર ઘાસ ચારા કે, પાણીની સુવિધા વગર બાંધી રાખેલ ૦૩ ગાયો અને ૦૨ બળદ મળી કુલ ૦૫ પશુઓને બચાવી લઈ નજીકની ગૌશાળા ખાતે મોકલી દીધી હતી.

આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે મનજીભાઈ હુમલાભાઈ માવી વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી તેમજ તેના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## દે.બારીઆના ભથવાડા ટોલબુથ પાસેથી કારમાં લઈ જવાતો ૧.૧૩ લાખનો દારૂ ઝડપાયો

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક વૈભવી ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૧,૧૩,૩૨૮ના પ્રોહી જથ્થા સાથે ગાડી મળી કુલ રૂા.૬,૧૩,૩૨૮નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે. જ્યારે પોલીસને જોઈ ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યો છે.

દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ભથવાડા ટોલનાકા પાસે વોચ ગોઠવી ઉભી હતી. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક વૈભવી ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. આ દરમ્યાન ગાડીના ચાલકને દુરથીજ પોલીસ જોવાઈ જતાં તેને પોતાના કબજાની ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. પોલીસે ગાડી નજીક જઈ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૧૩ જેમાં બોટલો નંગ.૨૦૮ કિંમત રૂા.૧,૧૩,૩૨૮ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૬,૧૩,૩૨૮ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડામાં બે બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી આવતી બીજી એક મોટરસાઈકલ સાથે પોતાની મોટરસાઈકલ ધડાકાભેર અથડાવતાં સામેની મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૩મી જુનના રોજ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ ગરબાડા નગરના ગાંગરડી રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલાં ગરબાડા નગરના રોહિતવાસ ખાતે રહેતાં અરવિંદભાઈ પુંજાભાઈ ચાવડાની મોટરસાઈકલ સાથે પોતાની મોટરસાઈકલ જોશભેર અથડાવતાં અરવિંદભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ગરબાડાના રોહિતવાસ ખાતે રહેતાં રાજુભાઈ પુંજાભાઈ ચાવડાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરન નાકટી ગામેથી સગીરાનું એકટીવા ઉપર અપહરણ કરતાં ફરિયાદ

ધાનપુર,

ધાનપુર તાલુકાના નાક્ટી ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને એક યુવકે તેના ભાઈની મદદથી એક્ટીવા ગાડી પર સવાર થઈ આવી સગીરાને બળજબરીપુર્વક એક્ટીવા પર બેસાડી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

નાકટી ગામે વેડ ફળિયામાં રહેતાં કલ્પેશભાઈ મગનભાઈ ડાયરા ગત તા.૧૪મી માર્ચના રોજ તેનો ભાઈ રાજુભાઈ મગનભાઈ ડાયરાને સાથે લઈ નાકટી ગામે આવ્યો હતો. ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ, ભણાવી, પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી તેણીને પોતાના કબજાની એકટીવ પર બળજબરીપુર્વક બેસાડી તેના ભાઈની મદદથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૮ જુલાઈથી ઑફલાઈન પરીક્ષા લેવાશે

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અગત્યના સમાચાર મળી રહ્યા છે. આગામી ૮મી જુલાઈથી યુનિવર્સિટી ઑફલાઈન પરીક્ષા યોજશે. આ દરમિયાન યુનિવર્સિટી દ્વારા ઑફર કરાતા વિવિધ અભ્યાસ ક્રમોની ઑફલાઈન પરીક્ષા લેવાશે. સ્નાતક, અનુસ્નાતકની રેગ્યુલર અને એક્સટર્નલ અભ્યાસક્રમની પરીક્ષા શરૂ થશે. આ પરીક્ષામાં ૬૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેનાર છે.

કોરોનાનો કહેર ચાલુ હોય ત્યારે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ લાગી ગયો હતો, જો કે હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પરીક્ષાની તારીખો જાહેર કરી વિદ્યાર્થીઓને રાહત આપી છે. કોરોના ગાઈડલાઈન અંતર્ગત આ પરીક્ષાઓ લેવાશે. કોરોના મહામારીને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરીક્ષા યોજી નહોતી શકતી અને કેટલાક અભ્યાસક્રમોમાં મેરિટ બેઝ પ્રમોશન આપી દીધું હતું, અંડર ગ્રેજ્યુએટના સેમેસ્ટર ૨ અને ૪ના વિદ્યાર્થીઓને પ્રમોશન આપી આગેલા સેમેસ્ટરમાં મોકલી આપવાની વ્યવસ્થા કરી હતી, પરંતુ સ્નાતક વિદ્યાર્થીઓના સેમેસ્ટર ૬ની પરીક્ષાઓ બાકી રહી ગઈ હતી, અને અનુસ્નાતકના સેમેસ્ટર ૨ અને ૪ના વિદ્યાર્થીઓની પરીક્ષા બાકી રહી ગઈ હતી. એક્સટર્નલમાં ભણતા વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષા યોજી શકાઈ નહોતી. એટલે આવનારા દિવસોમાં આવા વિદ્યાર્થીઓની ઑફલાઈન પરીક્ષાઓ યોજાશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 258

